ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org • E-mail: gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૩-૧૦-૨૦૨૨**

- **હેન્ડઝઅપ કહીને જેટલા લોકોને લુંટવામાં આવ્યાં છે તેના કરતા વધારે લુંટ ઈમ્પેક્ટ ફી જેવી અસંખ્ય જનવિરોધી યોજનાઓ દ્વારા ભાજપ સરકાર જનતાને લુંટી રહી છેઃ ડૉ. જીતુભાઈ પટેલ**
- **કોંગ્રેસ ૨૦૨૨માં સત્તામાં આવતાની સાથે જ ઈમ્પેક્ટ ફી નો અવિચારી કાયદો દુર કરીને પોતાની જગ્યામાં કરેલા અનઅધિકૃત બાંધકામોને એકપણ રૂપિયો લીધા સિવાય નિયમીત કરાશેઃ ડૉ. જીતુભાઈ પટેલ**
- **કોંગ્રેસ ૨૦૨૨માં સત્તામાં આવતાની સાથે જ કરાર આધારીત તથા ફિક્સ પગારના ૧૫ લાખ કર્મચારીઓને કાયમી કરશે તથા ઓલ્ડ પેન્શન યોજનાનો લાભ પણ આપશે: હિંમતસિંહ પટેલ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે આયોજીત પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૪૦ લાખથી વધુ બેરોજગારો છે અને તેઓ વારંવાર પેપરફુટવાની ઘટનાથી હતાશામાં ઘેરાઈ ગયા છે. સાથેસાથે કરાર આધારીત તથા ફિક્સ પગારના ૧૫ લાખ કર્મચારીઓનું પણ શોષણ થઈ રહ્યું છે તાજેતરમાં રાજસ્થાન સરકારે એક લાખ દસ હજાર કરારી કામદારોને નિયમીત કરીને સ્પેશયલ પે પ્રોટેક્શનની જોગવાઈ કરવામાં આવેલ છે સાથેસાથે તેમને જુની પેન્શન યોજનાનો પણ લાભ આપવામાં આવશે. માનવિય દ્રષ્ટિકોણથી આજ પ્રમાણે કોંગ્રેસ ૨૦૨૨માં સત્તામાં આવતાની સાથે જ **કરાર આધારીત તથા ફિક્સ પગારના ૧૫ લાખ કર્મચારીઓને કાયમી કરશે તથા ઓલ્ડ પેન્શન યોજનાનો લાભ પણ આપશે.**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે આયોજીત પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ડૉ. જીતુભાઈ પટેલે જણાવ્યું હતું કે, હાલમાં સરકારે જે ઈમ્પેક્ટ ફીનો અવિચારી વટહુકમ લાદેલ છે તેના કારણે ગુજરાતની જનતા ઉપર ૨૦ હજાર કરોડથી વધારે દંડ વસુલવામાં આવે તેવી વકી છે. પ્રજાએ તો સરકારને ટેક્ષ આપેલ જ છે અને આ વખતના વટહુકમમાં ઘણી બાબતો હજી સ્પષ્ટ છે નહીં. શું ૨૦૧૧ પહેલા બી.યુ. પરમીશન ન હતી ત્યારે જે રજા ચિઠ્ઠીએ પરમીશન મળતી હતી તે રજા ચિઠ્ઠીને અધિકૃત ગણવામાં આવશે કે નહીં ? હાઉસીંગ બોર્ડના મકાનોમાં ૨૦૦૬માં ગુજરાત સરકારે દંડ વસુલ્યો હતો તે શા માટે ઈમ્પેક્ટ ફી ના નામે ફરીથી વસુલવામાં આવી રહેલ છે ? **આ સરકાર પહેલા રોશની છીનવી લે છે અને પછી ચશ્માનું દાન કરે છે. સરકારની નીતિ 'ટકે શેર ભાજી ટકે શેર ખાજા અંધેરી નગરી અને ગંડુ રાજા'** જેવી છે ત્યારે કોંગ્રેસ પક્ષે ઐતિહાસીક નિર્ણય કરેલ છે કે, મહાનગરો - શહેરી સત્તામંડળો - નગરપાલિકા વિસ્તારોમાં આવતા રહેણાંકના મકાનો માટે કોંગ્રેસ ૨૦૨૨માં સત્તામાં આવતાની સાથે જ ઈમ્પેક્ટ ફી નો અવિચારી કાયદો દુર કરીને પોતાની જગ્યામાં કરેલા અનઅધિકૃત બાંધકામોને એકપણ રૂપિયો લીધા સિવાય નિયમીત કરશે અને જનતા પ્રત્યેની જવાબદારીનું વહન કરશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, મીડીયા કોર્ડીનેટરશ્રી હેમાંગ રાવલ તથા મીડીયા પેનાલીસ્ટ પાર્થિવરાજ કઠવાડીયા, પ્રદેશ ડેલીગેટશ્રી અમૃતભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યાં હતાં.

હેમાંગ રાવલ
મીડીયા કોર્ડીનેટર